# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૪૪, ફેબ્રુઆરી - માર્ચ ૨૦૧૮



## મેનેજિંગ ડિરેક્ટરશ્રી તરીકે હોદ્દો સંભાળતા શ્રી સ્વરૂપ પી.નું ઉષ્માભર્યું સ્વાગત



પ્રજાસત્તાક દિવસ નિમિત્તે શૈક્ષણિક-વિશિષ્ટ સિદ્ધિઓ માટે સન્માન સમારંભ




શ્રી વી.એસ. મકવાણા માટે યોજાયો વિદાય સમારંભ



કંપની અધિકારીશ્રીઓ દ્વારા પર્લ ફાઉન્ડેશનની મુલાકાત

# આ અંકમાં

વર્ષ-૬ અંક-૪૪,
ફેબ્રુઆરી - માર્ચ ૨૦૧૮
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી સ્વરૂપ પી., આઈએએસ
શ્રી બી.એ. શાહ, આઈએએસ

મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી મિતેશ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ

**તંત્રી મંડળ**
શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચઆર)
શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એલ. એફ. ડાભી, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ០០૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

agmhr@ugvcl.in
managercc@ugvcl.in
mitesh@ugvcl.com
cccell@ugvcl.com

## આ અંકમાં

**નિમણુંક**
» મેનેજિંગ ડિરેક્ટરશ્રી તરીકે હોદ્દો સંભાળતા શ્રી સ્વરૂપ પી.નું ઉષ્માભર્યું સ્વાગત................ ૦૪

**મુલાકાત**
» કંપની અધિકારીશ્રીઓ દ્વારા પર્લ ફાઉન્ડેશનની મુલાકાત...................... ૦૫

**સંક્ષિપ્ત સમાચાર**
» પ્રજાસત્તાક દિવસ નિમિત્તે શૈક્ષણિક-વિશિષ્ટ સિદ્ધિઓ માટે સન્માન સમારંભ................... ૦૬
» ઓલ ઇન્ડિયા ક્રિકેટ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનું ગૌરવ.......................... ૦૯

**વિદાય સમારંભ**
» વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર શ્રી વી.એસ. મકવાણા માટે યોજાયો વિદાય સમારંભ........... ૧૦

**ક્રિકેટ**
» જેટકો, સર્કલ ઓફિસ, પાલનપુર દ્વારા ૧૨મી ઇન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ૧૧

**કબડ્ડી**
» હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે ૭મી ઇન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટ ૨૦૧૭-૧૮નું આયોજન....................... ૧૨

**ટેનિસ**
» પાલનપુર વર્તુળ કચેરીના યજમાનપદે ૧૨મી ઇન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન......... ૧૩

**વોલીબોલ**
» સાબરમતી વર્તુળ કચેરીના યજમાન પદે ૧૨મી ઇન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન..... ૧૪

**ટેનીકોઇટ**
» સાબરમતી વર્તુળ કચેરીના યજમાન પદે ૨૧મી ઇન્ટર સર્કલ ટેનીકોઇટ (મહિલા) ટુર્નામેન્ટનું આયોજન............................ ૧૫

# સંદેશ





**આપ સૌ જાણતા જ હશો કે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા શ્રી સ્વરૂપ પી.ની આપણી કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તરીકે નિમણુંક કરાઈ છે. હું શ્રી સ્વરૂપ પી.નું આપણી કંપનીમાં સ્વાગત કરું છું અને તેમના નેતૃત્વ હેઠળ કંપની ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવું છું. આપના સૌના સહિયારા પુરૂષાર્થ થકી કંપની સિદ્ધિઓના નવા સોપાન સર કરશે તેવો મને વિશ્વાસ છે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

આપ સૌ જાણતા જ હશો કે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા શ્રી સ્વરૂપ પી.ની આપણી કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તરીકે નિમણુંક કરાઈ છે. હું શ્રી સ્વરૂપ પી.નું આપણી કંપનીમાં સ્વાગત કરું છું અને તેમના નેતૃત્વ હેઠળ કંપની ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવું છું. આપના સૌના સહિયારા પુરૂષાર્થ થકી કંપની સિદ્ધિઓના નવા સોપાન સર કરશે તેવો મને વિશ્વાસ છે.

કાળઝાળ ગરમીના દિવસોમાં વીજળી પૂરવઠા પરનું ભારણ હમેશાં વધતું હોય છે. ઘર અને ઓફિસોમાં એરકન્ડિશનરનો હવે વપરાશ દિન-પ્રતિદિન વધી રહ્યો છે અને આપણા મુખ્ય કાર્યક્ષેત્ર સમા ખેતરોમાં પણ ઉનાળા દરમિયાન પાણી ખેંચવા માટે વીજ વપરાશ ઉનાળામાં નવી ઊંચાઈઓ આંબતો હોય છે. આ વર્ષે ગુજરાત પર જળસંકટ ઘેરાઈ રહ્યું હોવાને કારણે પણ વીજ પુરવઠો પર ભાર વધશે.

આ સંજોગોમાં આપણે આપણી તમામ કાર્યપ્રવૃત્તિઓને વધુ ને વધુ સઘન બનાવીને આપણા વીજ ગ્રાહકોને સંપૂર્ણ સંતોષ આપવા માટે તૈયાર રહેવાનું છે. યુજીવીસીએલના આપ સૌ તમામ કર્મચારીઓ કડકડતી ઠંડીમાં, વરસતા વરસાદમાં કે અતિવૃષ્ટિ જેવી આફતમાં સતત વિપરિત સંજોગો સામે લડીને પણ શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવા માટે જાણીતા છો. આપ સૌની આ કર્તવ્યનિષ્ઠાની અવારનવાર રાજ્ય અને રાષ્ટ્રિય ધોરણે નોંધ લેવાતી રહે છે અને કંપનીને વિવિધ એવોર્ડ મળતા રહે છે એ વાતનો મને અત્યંત આનંદ અને ગૌરવ છે.

આવનારા દિવસોમાં આપ સૌ આપની સલામતીનો પહેલો વિચાર કરીને વિના કોઈ અવરોધે આપણા વીજગ્રાહકોને અવિરત વીજ પુરવઠો મળતો રહે એ સુનિશ્ચિત કરશો તેની મને ખાતરી છે.

શુભેચ્છાઓ સાથે,

**સ્વરૂપ પી.**, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**બી.એ. શાહ**, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# મેનેજિંગ ડિરેક્ટરશ્રી તરીકે હોદ્દો સંભાળતા શ્રી સ્વરૂપ પી.નું ઉષ્માભર્યું સ્વાગત





ગુજરાત સરકાર શ્રી ના નોટિફિકેશનના અનુસંધાને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા શ્રી સ્વરૂપ પી., આઈ.એ.એસ.ને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણુંક કરાઈ છે.

સરકાર શ્રી દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ, આઈ.એ.એસ.ની બનાસકાંઠાના ડીસ્ટ્રીક્ટ ડેલવપમેન્ટ ઓફિસર શ્રી તરીકે નિમણુંક કરાઈ છે.

તારીખ ૦૫ એપ્રિલ ૨૦૧૮ના રોજ શ્રી સ્વરૂપ પી.એ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તરીકેનો હોદ્દો સંભાળતા રજીસ્ટર્ડ કોર્પોરેટ ઓફિસ મહેસાણા ખાતે ડ્યુટી જોઈન કરી હતી અને ફરજ પર હાજર થયા હતા.

યુજીવીસીએલની કોર્પોરેટ ઓફિસ મહેસાણા ખાતે તારીખ ૦૫ એપ્રિલ ૨૦૧૮ના રોજ શ્રી સ્વરૂપ પી.નું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.


કંપનીના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ, આઈ.એ.એસ. દ્વારા શ્રી સ્વરૂપ પી.નું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું, જે દરમિયાન ઉચ્ચ અધિકારીશ્રીઓએ તાળીઓના ગડગડાટથી નવા મેનેજિંગ ડિરેક્ટરશ્રીને વધાવી લીધા હતા.

સત્કાર સમારંભમાં કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલ, મુખ્ય ઈજનેર (પી. & પી.) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ) સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષી, એડિશનલ ચીફ એન્જીનીયર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, એડિશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ, એડિશનલ ચીફ એન્જીનીયર (ટેક. & વિજિલન્સ) શ્રી એન.સી. મકવાણા, એડિશનલ ચીફ એન્જીનીયર (કોમર્સ & રેન્યુએબલ એનર્જી) શ્રી જે.એલ. ભટ્ટ, એડિશનલ ચીફ એન્જીનીયર (પ્રોજેક્ટ) શ્રી એસ.એ. પટેલ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ તથા સિક્યુરિટી સ્ટાફ દ્વારા નવા મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આઈ.એ.એસ.ની વર્ષ ૨૦૦૩ની બેચના શ્રી સ્વરૂપ પી. ફિઝિયોથેરાપીમાં સ્નાતક અને એપ્લાઈડ સાયકોલોજીમાં અનુસ્નાતકની પદવી ધરાવે છે.

યુજીવીસીએલમાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી તરીકે આવતા પહેલા શ્રી સ્વરૂપ પી. સાબરકાંઠા જિલ્લાના કલેક્ટરશ્રી તરીકે ફરજ બજાવતા હતા. ■

# કંપની અધિકારીશ્રીઓ દ્વારા પર્લ ફાઉન્ડેશનની મુલાકાત







ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી પોલિસી હેઠળ ગુજરાત સી.એસ.આર. ઓથોરિટીને આપેલ અનુદાન (સી.એસ.આર. ફંડ) અન્વયે પર્લ સ્પેશ્યલ નિડ્ઝ ફાઉન્ડેશન દ્વારા કાર્યાન્વિત પ્રોજેક્ટના ઇન્સ્પેક્શન અર્થે તથા પ્રોજેક્ટ અંગે ચર્ચા-વિમર્શ માટે કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, એડિશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ. સી. પ્રજાપતિ તથા મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) શ્રી કે. કે. સથવારાએ તા. ૨૦ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધી હતી.

મુલાકાતદરમિયાનસંસ્થામાંચાલતા વિશિષ્ટ બાળકો માટેના વોકેશનલ કોર્સીસ અને તેની ઉપયોગિતા વિષે કંપની અધિકારીશ્રીઓએ માહિતી મેળવી હતી.

સંસ્થા સાથે જોડાયેલા વિશિષ્ટ



બાળકોએ કંપની અધિકારીશ્રીઓ સાથે ચર્ચા કરી હતી અને તેમના અનુભવો વર્ણવ્યા હતા.

સંસ્થા દ્વારા મળી રહેલ વોકેશનલ કોર્સની જાણકારી અને શિક્ષણ દ્વારા આ વિશિષ્ટ બાળકોને પોતાના પગ પર ઊભા રહી શકાય અને પરિવાર કે સમાજના કોઈ પણ વ્યક્તિ ઉપર નિર્ભર ના રેહવું પડે, તેવી રીતે સ્વાવલંબી બનાવવામાં આ પ્રોજેક્ટ આવા વિશેષ બાળકોને મદદરૂપ થશે એવા ઉત્તમ આશયથી આ પ્રોજેક્ટ સાથે જોડાતા કંપની ગર્વ અનુભવે છે.

સંસ્થાના સંચાલકોએ પ્રોજેક્ટની શરૂઆતથી લઈને અત્યાર સુધીના વિકાસ કાર્યોની સમજ કંપની અધિકારીશ્રીઓને આપી હતી અને વિવિધ વોકેશનલ કોર્સીસમાં આ બાળકો કેવી રીતે આગળ વધી રહ્યા છે તેનું પ્રદર્શન કર્યું હતું.

સંસ્થામાં ચાલતા વોકેશનલ કોર્સીસમાં એક કોર્સ ફૂડ એન્ડ કેટરિંગ શાખાનો પણ છે, જે અન્વયે આ વિશિષ્ટ બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ સેન્ડવિચ કંપની અધિકારીશ્રીઓને અલ્પાહાર તરીકે આપવામાં હતી. નાની રેસ્ટોરન્ટ્સ કે ફૂડ પાર્લર કે કોઈ કંપનીના કેન્ટીનમાં પીરસી શકાય એવી રેસિપીઓ આ કોર્સ હેઠળ આ બાળકોને શીખવવામાં આવે છે.

કંપની અધિકારીશ્રીઓએ સેંડવિચીસના ખૂબ વખાણ કર્યા હતા જેથી બાળકોમાં ઉત્સાહ અને વધુ સારી વાનગીઓ બનાવવાની પ્રેરણા મળી હતી. ■

# પ્રજાસત્તાક દિવસ નિમિત્તે શૈક્ષણિક-વિશિષ્ટ સિદ્ધિઓ માટે સન્માન સમારંભ





જીયુવીએનએલ અને તેના તાબા હેઠળની તમામ કંપનીઓમાં દર વર્ષે ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટના રોજ કંપનીમાં કાર્યરત અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ દ્વારા મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓ તેમજ તેઓના સંતાનો દ્વારા મેળવેલ શૈક્ષણિક તથા અન્ય સિદ્ધિઓ માટે સન્માન સમારંભ યોજવામાં આવે છે અને તેઓનું સન્માન કરવામાં આવે છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા તારીખ ૨૬/૦૧/૨૦૧૮ના રોજ પ્રજાસત્તાક દિવસ નિમિત્તે કંપનીમાં કાર્યરત અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓ માટે તથા તેઓના સંતાનો દ્વારા મેળવેલ શૈક્ષણિક તથા અન્ય સિદ્ધિઓ માટે સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સન્માન સમારંભમાં કંપની ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ, મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી પી. બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.



સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક્નિકલ અને વિજિલન્સ) શ્રી એન. સી. મકવાણા, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ અને રિન્યૂએબલ એનર્જી) શ્રી જે. એલ. ભટ્ટ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રીએસ. એ. પટેલ, જેટકો ઝોનલ ઓફિસ મહેસાણાના વિશેષ મુખ્ય ઈજનેર શ્રી બી. એન. ત્રિવેદી ઉપરાંત અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, બાળકો તથા ભૂતપૂર્વ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉચ્ચ અધિકારીશ્રીઓના વરદ હસ્તે શૈક્ષણિક તથા વિવિધ સિદ્ધિઓ માટે કર્મચારીઓને તથા તેમના સંતાનોને રોકડ પુરસ્કાર અને સર્ટિફિકેટ આપી ને સન્માનિત કરવામાં આવ્યાં હતાં જેની વિગતો નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

## Academic Awards

| Sr. No. | Name of Emp. & Designation S/Shri | Place of Working | To whom / Relation | % age | Std. | Amount of Merit Award/Certificate to Sports persons |
|---|---|---|---|---|---|---|
| 01 | V.A. Rathod, Asstt. Lineman | Zerda S/Dn | Son – Mayankbhai | 89.84% | 12th | 500/- & Certificate |
| 02 | H.B. Acharya, Jr. Asstt. | Patan DO | Daughter – Hiral | 89% | 10th | 250/- & Certificate |
| 03 | P.P. Prajapati, MT | Kadi DO (Lab) | Son - Karankumar | He has cleared GPSC exam for the Class-I & II | | 5000/- & Certificate |
| 04 | Smt. J.M. Maheriya, Sr. Asstt. | Mehsana DO | Daughter – Kum. Himali | She has cleared GPSC exam for the Class-I & II | | 5000/- & Certificate |

## Sports Achievement

### Kabbadi

| | | | | | |
|---|---|---|---|---|---|
| 01 | V.R. Bariya, Jr.Asstt. | Adalaj S/Dn | Self | Member of Inter Company Kabbadi Champion Team & Selected for AIESCB | Certificate given |
| 02 | Y.S. Patel, Jr. Asstt. | Satlasana S/Dn | Self | | |
| 03 | M.R. Loh, Jr. Asstt. | Kanodar S/Dn | Self | | |
| 04 | S.G. Desai, Jr. Asstt. | Chhapi S/Dn | Self | | |
| 05 | S.B. Patel, Ele. Asstt. | Salal S/Dn | Self | | |
| 06 | R.M. Chaudhary, Asstt.L.M. | Deesa (T) S/Dn | Self | Member of Inter Company Kabbadi Champion Team | |
| 07 | V.B. Thakor, Jr. Asstt | Chhapi S/Dn | Self | | |
| 08 | K.S. Gameti, Ele. Asstt. | Gambhoi S/Dn | Self | | |
| 09 | V.D. Chaudhary, Jr. Asstt. | Gojariya S/Dn | Self | | |
| 10 | M.K. Sutariya, Ele. Asstt. | HMT (R) S/Dn | Self | | |

### Volleyball

| | | | | | |
|---|---|---|---|---|---|
| 01 | V.D. Chaudhary, Jr. Asstt. | Gojariya S/Dn | Self | Member of Inter Company Volley Ball Runners up Team & Selected for AIESCB | Certificate given |
| 02 | M.R. Chaudhary, Jr. Asstt. | Visnagar S/Dn-II | Self | | |
| 03 | N.P. Patel, Jr. Asstt. | Motera SO | Self | | |
| 04 | Y.S. Raval, Jr. Engineer | Palanpur (H) S/Dn | Self | | |
| 05 | K.J. Kalasva, Lineman | Bechraji S/Dn | Self | Member of Inter Company Volleyball Runners Up Team | |
| 06 | Y.K. Chaudhary, Jr. Asstt. | Kheralu S/Dn-II | Self | | |
| 07 | J.V. Chaudhary, Jr. Asstt. | Ladol S/Dn | Self | | |
| 08 | S.B. Chaudhary, Jr. Engineer | Kalol (T) S/Dn | Self | | |
| 09 | A.B. Chaudhary, Jr. Engineer | Kalol (T) S/Dn | Self | | |
| 10 | M.M. Dabhi, Jr. Asstt. | Bhabhar S/Dn | Self | | |
| 11 | H..R. Ninama, Ele. Asstt. | HMT (R) S/Dn | Self | | |
| 12 | I.J. Gameti, Ele. Asstt. | Vadali S/Dn | Self | | |

## Sports Achievement

### Cricket

| | | | | | |
|---|---|---|---|---|---|
| 01 | B.G. Koetiya, Jr. Asstt. | Deesa DO-II | Self | Member of Inter Company Cricket Runners Up Team & Selected for AIESCB | Certificate given |
| 02 | J.D. Chaudhary, Jr.Asstt | Suigam S/Dn | Self | | |
| 03 | Y.S. Raval, Jr.Engineer | Palanpur (H) S/Dn | Self | | |
| 04 | Z.Z. Saiyad, Sr. Asstt | Dhanera-II S/Dn | Self | | |
| 05 | H.K. Raval, Jr. Asstt. | Palanpur (H) S/Dn | Self | | |
| 06 | D.A. Chauhan, Jr. Asstt | Jotana S/Dn | Self | | |
| 07 | M.R. Chaudhary, Jr. Asstt. | Visnagar-II S/Dn | Self | | |
| 08 | N.A. Solanki, Sr.Asstt. | Deesa DO-I | Self | Member of Inter Company Cricket Runners Up Team | |
| 09 | V.D. Chauhan, Ele. Asstt. | Shihori S/Dn | Self | | |
| 10 | P.P. Prajapati, MT | Kadi DO | Self | | |
| 11 | V.S. Chaudhary, MT | Vijapur DO | Self | | |
| 12 | C.D. Patel, Jr. Asstt. | Vijapur DO | Self | | |
| 13 | B.N. Joshi, Sr. Asstt. | Chhattral S/Dn | Self | | |
| 14 | V.B. Thakor, Jr. Asstt. | Chhapi S/Dn | Self | | |
| 15 | D.B. Patel, Jr. Engineer | Bayad S/Dn | Self | | |
| 16 | N.B. Parmar, Jr. Asstt | Kheralu S/Dn | Self | | |

### Teni koit Tournament

| | | | | | |
|---|---|---|---|---|---|
| 01 | Ms.N.D. Satodiya, Jr.Asstt. | Shilaj S/Dn | Self | Selected for AIESCB Tenikoit Tournament for the year 2017-18 | Certificate given |
| 02 | Ms.H.D. Mistry, Jr. Asstt. | RSO, Narol | Self | Selected for AIESCB Tenikoit Tournament for the year 2017-18 | |

### Sports Achievement in Khel Maha Kumbh

| | | | | | |
|---|---|---|---|---|---|
| 01 | SA Naik, Superintendt | Sabarmati CO | Self | Achieved 2nd Rank in Chess Tournament for the age category of above 40 years in Khel Maha Kumbh-2017 | Certificate given |

### Special Achievement

| | | | | | |
|---|---|---|---|---|---|
| 01 | Bhurabhai. S. Mali Asstt. Lineman | Suigam S/Dn | Self | Achieved certificate of appreciation from the Border Security Force for his extra ordinary work and dedication towards his duty for interrupted electricity supply in border areas. | Certificate given |

કંપની દ્વારા વીજ ગ્રાહકોને ઓનલાઇન બિલ પેમેન્ટની સુવિધા અપનાવવા તથા તેનો વ્યાપ વધારવા કંપનીની જે પેટ વિભાગીય કચેરીઓએ ખાસ ઝુંબેશ ચલાવી અને વધુ ને વધુ વીજ ગ્રાહકોને આ સુવિધા અપનાવવા માટે તૈયાર કર્યા તેવી કચેરીઓના અધિકારીશ્રીઓનું પણ સન્માન આ કાર્યક્રમમાં માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવેલ, જેની યાદી નીચે મુજબ છે.

| નામ અને હોદ્દો | નામ અને હોદો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી ડી.જે. આગલોડીઆ, નાયબ ઇજનેર | શ્રી જી.એમ. હડીયોલ, સીની. આસી. | જલોત્રા, પેટાવિભાગીય કચેરી |
| શ્રી બી.કે. પટેલ, નાયબ ઇજનેર | શ્રી એમ.યુ. મનસુરી, સીની. આસી. | કઠવાડા ઇન્ડ, પેટાવિભાગીય કચેરી |
| શ્રી એચ.વી. શાહ, નાયબ ઇજનેર | શ્રી જે.એફ. કંકોડીઆ, નાયબ અધિક્ષક (હિસાબ) | અડાલજ, પેટાવિભાગીય કચેરી |
| શ્રી એ.પી. પટેલ, નાયબ ઇજનેર | શ્રી એ.બી. મોદી, સીની. આસી. | નરોડા અર્બન, પેટાવિભાગીય કચેરી |
| શ્રી કે.જે. ગાંધી, જુનિયર ઇજનેર | શ્રી પી.એન. પટેલ, સીની. આસી. | શેલા, પેટાવિભાગીય કચેરી |
| શ્રી વાય.એસ. રાવલ, જુનિયર ઇજનેર | શ્રી એચ.કે. રાવલ, જુની. આસી. | પાલનપુર હાઇવે, પેટાવિભાગીય કચેરી |

# ઓલ ઈન્ડિયા ક્રિકેટ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનું ગૌરવ



શ્રી ભરતભાઈ કોઈટીયા



શ્રી મયુર ચૌધરી



શ્રી ઝાકીર સૈયદ

તારીખ ૦૫-૦૩-૨૦૧૮થી ૦૯-૦૩-૨૦૧૮ દરમિયાન કલકત્તા ખાતે યોજાનાર ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી સ્પોટ્ર્સ કંટ્રોલ બોર્ડ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં ફરજ બજાવતા ત્રણ કર્મચારીઓ ખેલાડી તરીકે પસંદગી પામેલ છે, જેમાં સામેલ છે (૧) શ્રી ભરતભાઈ કોઈટીયા, જુનિયર આસિસ્ટન્ટ, ડીસા સબડિવિઝન (૨) શ્રી મયુર ચૌધરી, જુનિયર આસિસ્ટન્ટ, વિસનગર સબડિવિઝન અને (૩) શ્રી ઝાકીર સૈયદ, સિનિયર આસિસ્ટન્ટ, ધાનેરા સબડિવિઝન.

તારીખ ૨૬-૧૨-૨૦૧૭થી ૦૩-૦૧-૨૦૧૮ દરમિયાન પાલનપુર ખાતે યુજીવીસીએલ દ્વારા આયોજિત ઇન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્રભાવશાળી દેખાવ કરીને ત્રણેય ખેલાડીઓએ પસંદગીકારોને પ્રભાવિત કરેલ છે.

કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા ત્રણેય કર્મચારીઓને કંપનીનું ગૌરવ વધારવા માટે તેમજ ઓલ ઇન્ડિયા ક્રિકેટ ટુર્નામેન્ટમાં સફળ થવા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ■

# વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર શ્રી વી.એસ. મકવાણા માટે યોજાયો વિદાય સમારંભ










તા. ૩૧ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફિસ ખાતે લીગલ વિભાગમાં હિસાબી અધિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી વી.એસ. મકવાણાને વય મર્યાદાના કારણે થતી નિવૃત્તિને સન્માનવા માટે વિદાય સમારંભ યોજાયો હતો.

હિસાબી અધિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી વી.એસ. મકવાણા, વય મર્યાદાના કારણે કોર્પોરેટ ઓફિસમાંથી તા. ૩૧ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ નિવૃત્ત થયા.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલ, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષી, વિશેષ મહાપ્રબંધક (માનવ સંસાધન) શ્રી એ.સી. પ્રજાપતિ, લો ઓફિસર શ્રી પી.પી. બારોટ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર શ્રી વી.એસ. મકવાણાને સારા સ્વાસ્થ્ય માટે અને પ્રવૃત્તિમય જીવન પસાર કરવા શુભેચ્છાઓ આપી હતી.

લો ઓફિસર શ્રી પી.કે. પરીખે પુષ્પગુચ્છથી શ્રી મકવાણાને આવકાર્યા હતા. શ્રી મકવાણાને શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષીએ સન્માનિત કર્યા હતા. મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલે પ્રશસ્તિપત્ર આપીને શ્રી મકવાણાની સેવાઓને બિરદાવી હતી.

ડેપ્યુટી કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ શ્રી ધવલ બરવાડીયાએ ચેક અર્પણ કરી નિવૃત થનાર શ્રી મકવાણાને શુભકામનાઓ પાઠવી હતી.

લો ઓફિસર શ્રી પી.પી. બારોટે શાલ ઓઢાડીને નિવૃત થનાર શ્રી મકવાણાને સન્માન આપ્યું હતું. આ સમારંભમાં શ્રી મકવાણાના પરિવારજનોએ પણ હાજરી આપી હતી.

શ્રી બારોટે શ્રી મકવાણાની લીગલ સેક્શનમાં કામગીરી બાબતે પ્રશંસા કરી હતી અને તેમની સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા.

સમારંભમાં શ્રી વી.એસ. મકવાણાએ પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્ત્વના પ્રસંગોને વર્ણવ્યા હતા અને પોતાના સંસ્મરણો યાદ કર્યા હતા.

ત્યાર બાદ કોર્પોરેટ ઓફિસની પરંપરા પ્રમાણે નિવૃત્તિ સમારંભમાં હાજર તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને આઇસક્રીમ ખવડાવી વિદાય સમારંભની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી અને શ્રી મકવાણાને ભાવ-સભર વિદાય આપવામાં આવી હતી. ■

# જેટકો, સર્કલ ઓફિસ, પાલનપુર દ્વારા ૧૨મી ઈન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

તારીખ ૨૭/૧૨/૨૦૧૭થી ૩૦/૧૨/૨૦૧૭ના રોજ જેટકો વર્તુળ કચેરી, પાલનપુરના યજમાન પદે, જી.ડી. મોદી કોલેજ ગ્રાઉન્ડ, પાલનપુર ખાતે ૧૨મી ઈન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલના તાબા હેઠળ આવતી તમામ કંપનીઓના પસંદગી પામેલા કર્મચારીઓ / અધિકારીશ્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉત્તર ગુજરાત વીજ કંપની વતી નીચે દર્શાવ્યા પ્રમાણેના કર્મચારીઓ / અધિકારીશ્રીઓ ટીમ તરીકે પ્રદર્શન કર્યું હતું.

| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી બી.જી. કોએટીયા | જુનિયર આસિસ્ટન્ટ | ડીસા-૨, વિભાગીય કચેરી |
| ૨. | શ્રી જે.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | સૂઈ ગામ, પેટાવિભાગીય કચેરી |
| ૩. | શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઈજનેર | પાલનપુર-હાઈવે, પેટાવિભાગીય કચેરી |
| ૪. | શ્રી ઝેડ.ઝેડ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | ધાનેરા-૨, પેટાવિભાગીય કચેરી |
| ૫. | શ્રી એન.એ. સોલંકી | સિનિયર આસિસ્ટન્ટ | ડીસા-૧, વિભાગીય કચેરી |
| ૬. | શ્રી એચ.કે. રાવલ | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર-હાઈવે, પેટાવિભાગીય કચેરી |
| ૭. | શ્રી વી.ડી. ચૌહાણ | ઈલે. આસિસ્ટન્ટ | શિહોર, પેટાવિભાગય કચેરી |
| ૮. | શ્રી ડી.એ. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | જોટાણા, પેટાવિભાગીય કચેરી |
| ૯. | શ્રી પી.પી. પ્રજાપતિ | મીટર ટેસ્ટર | કડી, વિભાગીય કચેરી |
| ૧૦. | શ્રી વી.એસ. ચૌધરી | મીટર ટેસ્ટર | વિજાપુર, વિભાગીય કચેરી |
| ૧૧. | શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર-૨, પેટાવિભાગીય કચેરી |
| ૧૨. | શ્રી સી.ડી. પટેલ | જુનિયર આસિસ્ન્ટ | વિજાપુર, વિભાગીય કચેરી |
| ૧૩. | શ્રી બી.એન. જોષી | સિનિયર આસિસ્ટન્ટ | છત્રાલ, પેટાવિભાગીય કચેરી |
| ૧૪. | શ્રી બી.ડી. પટેલ | નાયબ ઈજનેર | ધનસુરા, પેટાવિભાગીય કચેરી |
| ૧૫. | શ્રી ડી.બી. પટેલ | જુનિયર ઈજનેર | બાયડ, પેટાવિભાગીય કચેરી |
| ૧૬. | શ્રી એન.બી. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | ખેરાલુ, પેટાવિભાગીય કચેરી |
| સ્ટેન્ડ બાય ખેલાડી | | | |
| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ |
| ૧. | શ્રી વી.બી. ઠાકોર | જુનિયર આસિસ્ટન્ટ | છાપી, પેટાવિભાગીય કચેરી |

આ ટુર્નામેન્ટમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની વિજેતા રહી હતી અને ઉત્તર ગુજરાત વીજ કંપની રનર્સ અપ રહી હતી. ટુર્નામેન્ટના અંતે તેમાં ભાગ લીધેલા કર્મચારીઓ / અધિકારીશ્રીઓમાંથી ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસિટી કંટ્રોલ બોર્ડમાં રમાતી ટુર્નામેન્ટ માટે ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી.

આમ જેટકો વર્તુળ કચેરી, પાલનપુર દ્વારા ઈન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

કબડ્ડી

# હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે ૭મી ઈન્ટર સર્કલ

# કબડ્ડી ટુર્નામેન્ટ ૨૦૧૭-૧૮નું આયોજન

**પાલનપુર વર્તુળ કચેરી ટીમ વિજેતા તથા હિંમતનગર વર્તુળ કચેરી ટીમ રનર્સ-અપ થયેલ.**

તારીખ ૧૫-૧૦-૨૦૧૭ના રોજ શામળાજી ખાતે ૭મી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટ ૨૦૧૭-૧૮નું આયોજન વર્તુળ કચેરી હિંમતનગરના યજમાન પદે કરવામાં આવેલ.

આ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લી. હસ્તકની ચાર વર્તુળ કચેરીઓ અને રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસના અધિકારીશ્રીઓ-કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ ટુર્નામેન્ટમાં પાલનપુર વર્તુળ કચેરીની ટીમને વિજેતા તરીકે જાહેર કરવામાં આવી હતી તથા હિંમતનગર વર્તુળ કચેરીની ટીમને રનર્સ-અપ તરીકે જાહેર કરવામાં આવી હતી.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં ઈનામ વિતરણ કરવામાં આવેલ.

વિજેતા ખેલાડીઓને આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. આમ હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવેલ. ■



**સાતમા ઇન્ટર સકલના કબડ્ડી ટુનામન્ટમા પસદગી પામલ યુજીવાસાઅલના ટામ**

| નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વી.આર. બારીયા | જુનિયર આસિસ્ટન્ટ | અડાલજ, પે.વિ.કચેરી |
| શ્રી જે.જી. શાહ | જુનિયર ઈલે. | અડાલજ, પે.વિ.કચેરી |
| શ્રી એમ.આર. લોહ | જુનિયર આસિસ્ટન્ટ | કાણોદર, પે.વિ.કચેરી |
| શ્રી આર.એમ. ચૌધરી | આસી. લાઈનમેન | ડીસા (ટી), પે.વિ.કચેરી |
| શ્રી એસ.જી. દેસાઈ | જુનિયર આસિસ્ટન્ટ | છાપી, પે.વિ.કચેરી |
| શ્રી વી.બી. ઠાકોર | જુનિયર આસિસ્ટન્ટ | છાપી, પે.વિ.કચેરી |
| શ્રી એસ.બી. પટેલ | ઈલે. આસિસ્ટન્ટ | સલાલ, પે.વિ.કચેરી |
| શ્રી કે.એસ. ગામેતી | ઈલે. આસિસ્ટન્ટ | ગાંભોઈ, પે.વિ.કચેરી |
| શ્રી પી.એસ. અસારી | ઈલે. આસિસ્ટન્ટ | ગાંભોઈ, પે.વિ.કચેરી |
| શ્રી એમ.કે. સટોરીયા | ઈલે. આસિસ્ટન્ટ | એમએમટી, પે.વિ.કચેરી |
| શ્રી આઈ.જે. ગામેતી | ઈલે. આસિસ્ટન્ટ | વડાલી, પે.વિ.કચેરી |
| શ્રી વાય.એસ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | સતણાસણા, પે.વિ.કચેરી |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર-૨, પે.વિ.કચેરી |
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઈલે. | પાલનપુર હાઈવે, પે.વિ.કચેરી |
| શ્રી એ.એસ. પ્રજાપતી | ઈલે. આસિસ્ટન્ટ | વિરમગામ (ટી), પે.વિ.કચેરી |
| શ્રી વી.ડી. ચૌધરી | જુની. આસિસ્ટન્ટ | ગોજારીયા, સબડિવિઝન |

# પાલનપુર વર્તુળ કચેરીના યજમાનપદે ૧૨મી ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન



**શ્રી જે. એમ. સૈયદ સિંગલ (પુરૂષ) ટુર્નામેન્ટમાં વિજેતા તથા શ્રી એન. પી. પટેલ રનર્સ-અપ થયા હતા.**

તારીખ ૧૯-૧૧-૨૦૧૭ના રોજ કિંગ જ્યોર્જ. વી. ક્લબ, પાલનપુર ખાતે ૧૨મી ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન વર્તુળ કચેરી, પાલનપુરના યજમાન પદે કરવામાં આવ્યું હતું.

આ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લી. હસ્તકની ચાર વર્તુળ કચેરીઓ અને રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસના અધિકારીશ્રીઓ-કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પાલનપુર વિભાગીય કચેરી ખાતે સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી જે. એમ. સૈયદ સિંગલ (પુરૂષ) ટુર્નામેન્ટમાં વિજેતા રહ્યા હતા તથા કોર્પોરેટ ઓફિસ ખાતે જુનિયર પ્રોગ્રામર તરીકે ફરજ બજાવતા શ્રી એન. પી. પટેલ રનર્સ-અપ તરીકે જાહેર થયા હતા.

પાલનપુર વિભાગીય કચેરી ખાતે સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી જે. એમ. સૈયદ તથા પાલનપુર વિભાગીય કચેરી-૧ ખાતે જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી એસ. એસ. દેસાઈ ડબલ્સ ટુર્નામેન્ટ (પુરૂષ)માં વિજેતા તરીકે જાહેર થયા હતા.

કોર્પોરેટ ઓફિસ ખાતે જુનિયર પ્રોગ્રામર તરીકે ફરજ બજાવતા શ્રી એન. પી. પટેલ અને નાયબ અધિક્ષક (એકાઉન્ટ્સ) તરીકે ફરજ બજાવતા શ્રી પ્રણય વાવડીયા ડબલ્સ ટુર્નામેન્ટ (પુરૂષ)માં રનર્સ-અપ તરીકે જાહેર થયા હતા.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં ઈનામ વિતરણ કરવામાં આવેલ.

વિજેતા ખેલાડીઓને આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

આમ પાલનપુર વર્તુળ કચેરી દ્વારા ઈન્ટર કંપની ટેનિસ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવેલ. ■

**૧૨મી ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટ માટેની ટીમ યુજીવીસીએલ**

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી જે.એમ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર, વિ.ક.-૧ |
| શ્રી એન.પી. પટેલ | જુનિયર ઈજનેર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |
| શ્રી આર.સી. દેસાઈ | એક્ઝિક્યુટીવ ઈજનેર | ALDC, ગાંધીનગર વિ.ક. |
| શ્રી પી.આઈ. વાવડીયા | ડે.સુપ્રિ. એકાઉન્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |
| શ્રી એસ.એસ. દેસાઈ | જુનિયર ઈજનેર | પાલનપુર, વિ.ક.-૧ |
| **સ્ટેન્ડ બાય પ્લેયર્સ** | | |
| શ્રી એમ.એચ. શાહ | જુનિયર ઈજનેર | સામી, પે.વિ.ક. |
| શ્રી સી.ડી. ગૌસ્વામી | જુનિયર ઈજનેર | ગોજારીયા, પે.વિ.ક. |

## સાબરમતી વર્તુળ કચેરીના યજમાન પદે ૧૨મી ઈન્ટર સર્કલ

# વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન



તારીખ ૨૪-૦૯-૨૦૧૭ના રોજ સાબરમતી વર્તુળ કચેરીના મેદાનમાં વર્તુળ કચેરી સાબરમતીના યજમાન પદે ૧૨મી ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લી. હસ્તકની ચાર વર્તુળ કચેરી અને રેજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસના કર્મચારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

ટુર્નામેન્ટના અંતે મહેસાણા વર્તુળ કચેરીને વિજેતા જાહેર કરવામાં આવી હતી.

**૧૨મી ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ ખેલાડીઓની યાદી**

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વી.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ગોજારીયા, સબડિવિઝન |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર-૨, સબડિવિઝન |
| શ્રી કે.જે. કલાસવા | ઈલે. આસિસ્ટન્ટ | બેચરાજી, સબડિવિઝન |
| શ્રી વી.કે. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ખેરાલુ-૨, સબડિવિઝન |
| શ્રી જે.વી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | લાડોલ, સબડિવિઝન |
| શ્રી એસ.બી. ચૌધરી | જુનિયર ઈજનેર | કલોલ (ટી), સબડિવિઝન |
| શ્રી એન.પી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | મોટેરા, એસ.ઓ. |
| શ્રી એ.બી. ચૌધરી | જુનિયર ઈજનેર | કલોલ (ટી), સબડિવિઝન |
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઈજનેર | પાલનપુર હાઈવે, સબડિવિઝન |
| શ્રી એમ.એન. ડાભી | જુનિયર આસિસ્ટન્ટ | ભાભર, સબડિવિઝન |
| શ્રી એચઆર નિનામા | ઈલે. આસિસ્ટન્ટ | હિંમતનગર રજી., સબડિવિઝન |
| શ્રી આઈ.જે. ગામેતી | ઈલે. આસિસ્ટન્ટ | વડાલી, સબડિવિઝન |
| **સ્ટેન્ડ બાય પ્લેયર્સ** | | |
| શ્રી બી.એ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર, સબડિવિઝન |
| શ્રી એસ.આર. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ઊંઝા, સબડિવિઝન |
| શ્રી આર.એચ. ચૌધરી | ઈલે. આસિસ્ટન્ટ | શીલજ, સબડિવિઝન |
| શ્રી વી.એસ. ચૌધરી | મીટર ટેસ્ટિંગ | વિઝાપુર, સબડિવિઝન |

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં ઈનામ વિતરણ કરવામાં આવેલ.

વિજેતા ખેલાડીઓને આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

આમ સાબરમતી વર્તુળ કચેરી દ્વારા ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજનનું સફળ આયોજન કરવામાં આવેલ. ■

## યુજીવીસીએલની આગવી ઓળખ એટલે...

- સૌનું સન્માન
- પ્રામાણિકતા
- ઉચ્ચ ધ્યેય
- નૈતિકતા
- ગૌરવ
- ઉચ્ચ સેવાધોરણો
- શ્રેષ્ઠ કાર્યદક્ષતા
- નિષ્ઠા
- સૌનો સાથ

# સાબરમતી વર્તુળ કચેરીના યજમાન પદે ૨૧મી ઈન્ટર સર્કલ

# ટેનીકોઈટ (મહિલા) ટુર્નામેન્ટનું આયોજન

તારીખ ૧૪-૧૦-૨૦૧૭ના રોજ વર્તુળ કચેરી, સાબરમતી ખાતે ૨૧મી ઈન્ટર સર્કલ ટેનીકોઈટ (મહિલા) ટુર્નામેન્ટનું આયોજન વર્તુળ કચેરી સાબરમતીના યજમાન પદે કરવામાં આવેલ.

આ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લી. હસ્તકની ચાર વર્તુળ કચેરીઓ અને રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસના મહિલા અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**૨૧મી ઈન્ટર કંપની ટેઈની કોઈટ ટુર્નામેન્ટ**
**માટે પસંદગી પામેલ મહિલાઓની ટીમ યુજીવીસીએલ**

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| નીતાબેન સાટોડીયા | જુનિયર આસિસ્ટન્ટ | શીલજ, સબડિવિઝન |
| એચ.ડી. મિસ્ત્રી (એચ. વી. સુથાર) | જુનિયર આસિસ્ટન્ટ | આરએસઓ, નારોલ |
| એસ.એસ. ખરાડી | જુનિયર આસિસ્ટન્ટ | ડીસા-૨, ડીઓ |
| એ.એલ. પઢિયાર | જુનિયર આસિસ્ટન્ટ | ડીસા-૨, ડીઓ |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | |
| એમ.પી. ભટ્ટ | ડેપ્યુટી, એસએ | મહેસાણા, આરએસઓ |
| ડી.જે. રાવલ | સિનિયર આસિસ્ટન્ટ | બોપલ, સબડિવિઝન |

શીલજ પેટાવિભાગીય કચેરી ખાતે જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કુમારી. એન.ડી. સાટોડિયા સિંગલ (મહિલા) ટુર્નામેન્ટમાં વિજેતા રહ્યા હતા તથા આર.એસ.ઓ. નારોલ ખાતે સીની. આસી. તરીકે ફરજ બજાવતા એચ.ડી. મિસ્ત્રી રનર્સ-અપ તરીકે જાહેર થયા હતા.

શીલજ પેટાવિભાગીય કચેરી ખાતે જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કુમારી. એન.ડી. સાટોડિયા તથા આર.એસ.ઓ. નારોલ ખાતે સીની. આસી. તરીકે ફરજ બજાવતા એચ.ડી. મિસ્ત્રી ડબલ્સ (મહિલા) ટુર્નામેન્ટમાં વિજેતા રહ્યા હતા.

ડીસા-૨ વિભાગીય કચેરી ખાતે જૂનીયાર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા એસ.એસ. ખરાડી તથા ડીસા-૨ વિભાગીય કચેરી ખાતે જૂનીયાર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા એ.એલ. પઢીયાર ડબલ્સ (મહિલા) ટુર્નામેન્ટમાં રનર્સ-અપ તરીકે જાહેર થયા હતા.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં ઈનામ વિતરણ કરવામાં આવેલ.

વિજેતા ખેલાડીઓને આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

આમ સાબરમતી વર્તુળ કચેરી દ્વારા ઈન્ટર સર્કલ ટેનીકોઈટ (મહિલા) ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવેલ. ■

**કાર્યક્ષેત્રમાં સામાજિક આર્થિક વિકાસ સાધતી વિશ્વસ્તરની વીજવિતરણ કંપની બનવું...**

**એ છે યુજીવીસીએલનું કાર્યધ્યેય**

# ઘર હોય કે ખેતર, ફેક્ટરી હોય કે દુકાન

# ખૂણે ખૂણે ખુશાલીનો ઉજાસ પાથરીએ

# એ જ આપણું કામ...!



સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

## આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.


**agmhr@ugvcl.in**
**managercc@ugvcl.in**
**mitesh@ugvcl.com**
**cccell@ugvcl.com**